અર્પણ ભાવ

આ કાળના અજોડ-અડગ-શાસ્ત્રસિદ્ધાંત-શુદ્ધ સામાચારી-સંરક્ષક-સમ્યગદર્શન પ્રદાન પ્રકાણ્ડકુશલ પરમોપકારી-મારા ભવોદધિ-તારક આરાધ્યપાદ ગુરુભગવંત-સમર્થ ગચ્છાધિપતિ આ. દેવ શ્રીમદ્

વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

ના અંતેવાસી મારા વડીલ ગુરુભ્રાતા પૂ. આ. શ્રી

વિજયમલયચંદ્રસૂ. મહારાજ

જેઓશ્રીએ સંયમનું શ્રેષ્ઠ પ્રતીક 'ઓઘો' ૨૦૨૨ વૈ. સુ. ૪ના મંગળ પ્રભાતે આ બાળને અર્પણ કર્યો. તેઓશ્રીના ચરણકમળમાં.

પ્રકૃતિ પરિચય અને કથા સૌરભ

સહર્ષ અર્પણ કરતાં આનંદ અનુભવું છું.

આપનો લઘુભ્રાતા
લેખક
'ભુવનચંદ્ર

શાસનતેજ-શાસ્ત્રવિખ્યાત સંરક્ષક સમ્યગ્દર્શન-પ્રદાનૈકનિષ્ઠ

ગચ્છાધિપતિ—આરાધ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્

વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા



શાસનહિતના કોઈ ઉંડા આલેખનમાં એકમના દેખાય છે

તેઓશ્રીના તલસ્પર્શી પ્રવચનો ધર્મીઆત્માઓના પ્રાણ છે

કોટિશ વન્દનાવલિ

રનિકલાલ અંબાલાલ-પાટણ

સુવાસ. ન જર–ન જોરૂ ન ભૂખ ન તરસ. જ્ઞાન અનંત શક્તિ અનંત. સાદિ અનત સુખ વિલસે એ ધામ

આ ધ્યેયની પ્રાપ્તિનો માર્ગ ધર્મ. ધર્મ ભાખ્યો ભગવતે. સૂત્રરૂપે ગુથ્યો દ્વાદશાંગમાં ગણધરદેવોએ સ્પષ્ટીકરણ કર્યું નિર્યુક્તિમાં પૂર્વધરમહર્ષિઓએ ભાષ્ય–ચૂર્ણિ ટીકાઓ રચી પૂર્વાચાર્ય–મહાત્માઓએ

૨

પ્રેરણા કર્તા

સુવિહિતના મધેય શ્રી ઉમાસ્વાતિજી એક પ્રચંડ પૂર્વધર મહાત્મા તત્ત્વાર્થ મહાગ્રંથના રચયિતા તત્ત્વાર્થ છે એન્સાયકલો પીડીઆ ઓફ જૈનીઝમ જૈન તત્ત્વજ્ઞાનનો અદ્ભુત ખજાનો

એ પવિત્ર તારક ગ્રંથ પર વિવેચન ચાલે વિવેચક ભારત વિખ્યાત મહાન્ જૈનાચાર્ય. વાચસ્પતિ અને સરસ્વતી પુત્ર તેઓશ્રીના સ્વાભાવિક બિરૂદ વ્યાખ્યા ઉડી અને તલસ્પર્શી. વાણી ગભીર પણ રોચક જનમનરજક પણ તત્ત્વામૃત પાતી. શ્રોતાઓ એકતાન અને હૈયા ડોલતા શાસ્ત્ર ચમત્કૃતિ ખોલવામાં જ ખ્યાતિ

તે મારા ભવોદધિતારક પરોપકારી ગુરૂ ભગવત આરાધ્ય-પાદ શ્રીમદ્ વિજયરામચદ્રસૂરીશ્વરજી મ ની વીતરાગવાણી ગુમ્ફિત દેશનાને હૈયાનતિ એનુ આલંબન એ મારી ગતિ એમાંથી પ્રેરણા પામી આલેખન કરવાની મતિ એજ છે આત્માની રતિ

શરૂઆતની કારિકાનું કામણ અનેરૂ પ્રસ્તાવરૂપમા જાણે ગ્રથનો અર્ક અર્કમાં ભર્યું નર્યું ભાવામૃત. ભાવહીનાને ભાવો જન્માવે પ્રમાદીને માગદો બનાવે. આળસુને સક્રિયારત બનાવે

સમાજ બેહાલ બને છે રાજ્યવ્યવસ્થા અસ્થિર બને છે. દેશ પાયમાલ થાય છે રાષ્ટ્ર પાયમાલ થાય છે દુનિયા દુઃખના દોઝખમાં પડે છે

નીતિમત્તા–માનવતા–પ્રામાણિકતા અર્થ–કામના સુદૃઢ પાયા છે પાયા નબળા તો મહેલાત ડોલતી–ડોલતી મહેલાત–પોતાનો અને અનેક બીજાનો નાશ કરે પાયાના ત્રણે તત્ત્વો–ધર્મે દીધા દીપક છે દીપકની જ્યોતે જીવન સુખરૂપ બને શાંતિમય પસાર થાય

લીધું તેનું દેવું કોઈનું પડાવી લેવું નહિ સાચો ભાવ સાચો તોલ ભેળસેળ નહિ કારમો નફો નહિ એક બોલ–એક મેલ દુઃખી પ્રત્યે હમદર્દી. ત્રસ્તને આશ્વાસન ભૂખ્યાને અન્ન તરસ્યાને પાણી નવસ્ત્રાને વસ્ત્ર રઝળતા માટે આશ્રય સ્થાન આ બધા ત્રણ પાયાના તત્ત્વોના બાળકો છે રમતા ઘુમતા આનંદ કિલ્લોલ કરતા. હસતા હસાવતા સૌને પ્રાણ પ્યારા લાગતા

૪

સાચી દૃષ્ટિ

આથી ઉચા સ્ટેજમા ધર્મનુ મૂળ છે જે જીવનની સાચી દૃષ્ટિ છે આ દૃષ્ટિ વિના ધર્મ ધર્મસ્વરૂપે સમજાય નહિ આત્માને અંટે નહિ આત્મા છે હતો અને હશે વ્યક્તિ દીઠ આત્મા જુદો જન્મ–મરણ કરતો જ આવ્યો છે દુઃખ અને યાતનાઓની અવધિ નથી આ પામર દશાનો અંત આવતો નથી કારણ કે જુના કર્મો નાશ પામે એથી અધિક પ્રાય. નવા વળગે છે એના અંતનો રસ્તો? સાચી દૃષ્ટિની સમજ. દેહ

જુદો આત્મા જુદો દેહ એટલે કર્મે સર્જેલો વળગાટ વળગાટ કાયમી દૂર એજ દુ:ખ મુક્તિ

આવો શુદ્ધ માર્ગ તેની વિવિધ કક્ષાઓ તેનું ભાન કોણ કરાવે? કોણે કરાવ્યું છે? વિશ્વને શાંતિ સમાધિ અને સર્વતો સુખી કલ્યાણનો માર્ગ કોણ બનાવી ગયું છે? કોણ બતાવી શકે? આ પ્રશ્નોના ઉત્તરમાં સમાય છે દેવ–ગુરુ–ધર્મ. નિર્મળ–નિર્ભરૂપમાં

એમાથી પ્રગટશે અવિચળ સિદ્ધાંત સંસાર ભૂંડો મોક્ષજ રૂડો સંસાર અસાર સારભૂત મુક્તિનિવાસ તે પ્રાપ્તિનો સરળ અચોટ ધોરી માર્ગ સાધુપણુ સાધુપણુ સર્વજ્ઞ પરમાત્માએ પ્રરૂપેલુ યુક્તિયુક્ત અને અહોભાવથી આદરણીય

૫

આશય

આ બધા પદાર્થો સરળ રીતે સમજવા છે? હૈયે ઉતારવા છે? શક્ય પ્રમાણમાં પણ અમલ કરવો છે? તો 'પટ્પુરુષ ચરિત્ર' અવગાહો કથાઓના માર્મિક મુદ્દાઓ કોઠે ઉતારવા પડશે. પાત્રોની સુપાત્રતા કુપાત્રતા પોતાને લાગત વિચારવી પડશે તોજ સ્પર્શ મળશે

પુણ્યપાપના ખેલ વિશ્વ સમક્ષ પ્રત્યક્ષ છે સારાનુ સારૂ બુરાનું બુરૂં ફલ આંખ સામે છે પાપી મોજ કરતો હોય એમ બને 'પૂર્વના પુણ્ય પૂર્વના સારા કામનું ફળ ભોગવી રહ્યો છે ચાલુ પાપનો નતીજો ભયંકર આવવાનો છે સારો આત્મા પણ દુ:ખમા દેખાય છે? પૂર્વના પાપનું–પૂર્વના બુરા કામનુ–ફળ ભોગવી રહ્યો છે ભાવી સુંદર છે સત્કર્મનું ફળ આનંદજનક આવવાનું છે

સુખદુઃખમાં સમભાવી આત્માઓ દેખાય છે ? હરકોઈ અવસ્થામાં સુખી ? સુખમાં છકે નહિ. દુઃખમાં દીન નહિ. ધર્મ-કાર્યમાં રત કરૂણા હૈયે દીલ દયામય પરના હિતનીજ ઇચ્છા ?

પારકાનુ સુખ સહન ન થાય એવા પણ ખરા સામાને-અધિક સુખી જુવેને બળે ? પરને પીડામાં નાંખવા પણ પ્રયત્ન કરે ? આ પણ માનવી પણ દાનવી ? ઉપર કથિત મનુષ્ય પણ દેવ જેવો ? આ ભેદ કેમ ? ભેદ આ માટે જ સમજવાના તેના કથાનકો વસ્તુસ્થિતિને વધુ સ્પષ્ટ કરશે

૬

અધમાધમ (૧)

ધર્મકર્મની સમજ વિનાના પરલોકમાં તો માને નહિ. સારા વિચારોનો હ મેશ માટેનો દેશવટો. પાચ પ્રકારના દુન્યવી વિષયરસનુ પણ ભાન નહિ ક્રૂર કર્મ કરવામા રક્ત. પાપ પ્રવૃત્તિ માં જ રાચ્યામાચ્યા અધર્મ કાર્યમા જ ઉલ્લસિત.

શરીર પણ સારૂ વિચિત્ર રૂવાટીવાળું. વસ્ત્ર પણ હોય નહિ. રહેવાનુ સ્થાન પ્રાય નહિ કોઈનો આધાર મળે નહિ ટાઢ-તાપ-ઝઝાવાતના વટોળિયા વિ વિ યાતનાઓથી સંતપ્ત ચામડા કે પાદડાને પહેરનારા ગિરિ ગુફાઓમાં વસનારા સ સાર સુખનો પણ આનદ ક્યાંથી હોય ? લોક વ્યવહાર તો સમજે જ ક્યાથી ? મનુષ્યનો દેહ માત્ર બાકી પશુ જીદગી ગાળનારા

આ લોકોની અનેક જાતિઓ હોય છે ભિલ્લ-પુલિદ-બર્બર-શિકારી-ચાડાલ-આદિ નીચ કર્મ કરનારા ગમે તે રીતે બે પૈસા મેળવે દારૂ પીવે, માસ ભક્ષણ કરે સર્વજનોમા નિન્દાપાત્ર સર્વને ખેદ ઉપજાવે તેવા નરકની યાતનાઓ જાણે અહીં જ અનુભવના હોય.

કોઈ એક અટવી છે. એક ભીલ ત્યા ભમે છે જીભના સ્વાદનો મહા લાલચુ છે. મધ અને માંસની શોધમા રખડે છે. ત્યા દીઠો એક મધપૂડો ઝાડની ડાળ પર ચઢ્યો આનંદનો પાર નથી. માખોથી કાયર કાયર બની ગયો મજબૂત શાખા પણ તુટી પડી પડતાં જ અડધુ શરીર અજગરના મુખમા

તે વખતે પણ પ્રથમ પ્રાપ્ત શુકરનું માંસ, શરીર પર લાગેલા મધના ટીપા સાથે મિશ્ર કરી ખાય છે. સ્વર્ગનુ સુખ એમા જ માને છે અજગરના મુખમા પોતે છે એની પરવા નથી.

ત્યાથી આકાશ માર્ગે વિદ્યાધર એક પસાર થાય છે વૈતાઢ્ય પર્વતની ઉત્તર શ્રેણીના રથનુપુર નગરથી આવી રહેલ છે વિદ્યાધર વિચારે છે. અહો રસેન્દ્રિયની લોલુપતા! પાંચે ઇંદ્રિયો ખરેખર પ્રલયકારી છે મુનિવરો જ ધન્ય છે જે ઇન્દ્રિયોના વિકારોથી-વિકારોમા મુઝાતા નથી

કૃપાપર વિદ્યાધર વિમાનમાંથી નીચે ઉતરે છે અજગરના મુખમાથી તે વરાકને બચાવે છે પણ પ્રાણ અને પ્રકૃતિ સાથે કંઈક સ્વસ્થ બનેલ ભીલ પોતાને વૃક્ષ પર ચઢાવવા પ્રાર્થના કરે છે જેથી માસ સાથે મધ મેળવી આસ્વાદ લઈ શકે. આમ બોલતો, રૌદ્રધ્યાનયુક્ત. મૃત્યુ પામ્યો

વિદ્યાધર વિચારે છે અતૃપ્તિ પામર આત્માઓને કેવી પીડે છે? સ્ત્રી-પુત્રપરિવાર અને સંપત્તિમા મરણની છેલ્લી પળ સુધી મુઝાયેલા રહે છે પોતે નંદીશ્વર દ્વીપે જાય છે ઉલ્લાસ-પૂર્વક યાત્રા કરી આત્માને કૃતકૃત્ય બનાવે છે પાછા ફરતા વનખંડમાં અશોકવૃક્ષ નીચે એક પ્રશાન્ત મુનિવરને જુએ છે.

આનંદની અવધિ નથી મસ્તક ભૂમિએ લગાડી નમન કરે છે વિનયપૂર્વક બેસે છે. ત્યા તો આવી રોજ વાઘ-સિંહ-હાથી-હરણ શૂકર-શબરાદિની. બધા મુનિ સત્તમને નમે છે પાસે એસે છે

વિદ્યાધર આશ્ચર્યચકિત બને છે મુનિવરને પૂછે છે ભગવ(શુ વાત છે આ? જાતિવૈરી-મહાક્રૂર-આ બધા વેર વિસારી શાં(પ્રશાંત બની ગયા છે? મુનિવર કહે છે —રાજન્, તપ-સંયમથી સમતા સમાધિમા રમતા. શુભધ્યાનથી સમસ્ત ચિતાને ચિતા બનાવનાર મહર્ષિઓના પ્રભાવથી અને શ્રી જિનવચન-શ્રવણથી

રાજા વિચારે છે જરૂર આ મહર્ષિનો જ પ્રભાવ છે. મુનિવરની દેશના સાભળે છે પછી પૂછે છે ભગવન્! પેલો બિચારે ભીલ મરીને કઈ ગતિને પામ્યો હશે? ઉત્તર મળ્યો પહેલે નરકે ત્યાંથી મનુષ્ય-તિર્યંચ આદિ ભવોમાં ભમતો સાતે નર્કોને મહેમાન બનશે પાચે-ઇન્દ્રિયોના વિષયમાં લુબ્ધ પારાવાર સંસા(અટવીમાં ભમશે

ક્ષણભર સ્તંભિત બનેલ વિદ્યાધરને વિષયોની વિષમતા અને ભયંકરતા મુનિવર સમજાવે છે વિદ્યાધર પરમ સંવેગને પામે છે સસાર વિમુખ બને છે મહર્ષિને નમી સ્વનગરે જાય છે પુત્રને રાજ્ય સોપે છે પૃથ્વીને ઋણ રહિત કરે છે સુંદર શાસન પ્રભાવના કરે છે શ્રી જિનચન્દ્ર કેવલી પાસે અનેક રાજાઓ અને ક્ષત્રિયો સહ દીક્ષા સ્વીકારે છે સર્વોત્તમ આરાધના કરી. ક્ષપકશ્રેણી મડી, કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી પરમાનંદમયી મુક્તિ પામે છે

અધમાઅધમ ભીલનું ભારેકર્મીપણું. વિદ્યાધર-મહોદયનું હલુકર્મીપણું અને સર્વકર્મક્ષયદ્વારા શ્રેષ્ઠ સાધકતા ઘણું ઘણું કહી જાય છે

વીતરાગ ભગવંતના મહાશાસનની ખૂબી જ આ છે. અનાદિની ચાલ છોડાવવી વિષમતામાંથી સમતા સ્થાપના કરવી. શમ-પ્રશમ પ્રગટાવી અપૂર્વ સમાધિમાં આત્માઓને રમતા કરવા અને પરમપદની પ્રાપ્તિ કરાવવી ધન્ય શાસન!

અધમ (૨)

લોકનો મોટો ભાગ આ વિભાગમાં આવશે ને? પરલોક માને નહિ આ લોકના સુખમાં લુબ્ધ ગમે તેવી યુક્તિ, પ્રયુક્તિથી સુખ મેળવવું લોકનિંદાનો પણ ભય નહિ ગમે તેમ એશઆરામમાં રહેવું

પ્રિયા અને પૈસો એ જ ધ્યેય કંચન અને કામિની એ જ સર્વસ્વ. દેહસુખ એ જ આદર્શ પાંચે ઇન્દ્રિયોના વિષયોપભોગમાં ખુંચેલા એના જ વિચાર એની જ પ્રવૃત્તિ ખાઓ-પીઓ-આનંદ કરો. આ પરભવ મીઠા તો ભવ કોણે દીઠા. દેવું કરીને પણ શરીર તૃપ્ત કરો

જન્મ જરામરણની વાતો કરો નહિ બીજા ભૂખે મરે કે કપાઈ મરે તેમાં આપણે શું કરીએ? વર મરો કન્યા મરો. આપણું ગોરનું તરભાણું ભરો. ધર્મની વાતો ભરમ બની છે પ્રત્યક્ષ સુખોને અનુભવો સારું કાર્ય ને ખોટું કાર્ય એવા ભેદ શા? જન્મ્યા તો [illegible] ભોગવી લઈએ

[illegible] પણ [illegible] જન્મેલા [illegible] આજની દુનિયામાં [illegible]

છે. જ્યાં જુઓ ત્યાં આ જ વિચારો-વાણી-અને વર્તન સાથે પ્રેરણા પણ સજ્જનોને દુર્જનોથી લાજવુ હોય તો લાજે. દુર્જન લાજે જ નહિ નફ્ફટાઈનો પાર નહિ. ઉપરથી સદ્‌વર્તનની શાણી વાતની ઠેકડી કરે.

પરલોક કોણે દીઠો છે? કોઈ કહેવા આવ્યુ? આત્મા નજરે નિહાળ્યો કોઈએ? પુણ્ય પાપની વાતોથી પાંગળા બનાવવા છે? સ્વર્ગ-નર્ક અને મોક્ષની નકામી ગુલ્બાંગો ફેંકે રાખો. જટા રાખો, ભસ્મ લગાવો. વ્રત પાળો શુ લાભ મેળવશો? ભોગોથી દૂર રહેવાનો ને?

ક્રિયા માત્ર દભ આગમાદિનો અભ્યાસ ખાલી ગળાનો અને તાળવાનો શોષ. ધર્મોપદેશ મુગ્ધજનોને ઠગવા માટે દેવ ગુરુની ભક્તિપૂજા એટલે દ્રવ્યનો દુરુપયોગ આવી છે 'અધમ'ની માન્યતા

અર્થ અને કામ સપત્તિ અને તેનો ભોગવટો આનદ-પ્રમોદ. ખેલકૂદ, નાટક-સીનેમા અને પીણા, રગરાગ અને નૃત્ય. ખાનપાન અને આસ્વાદ, મીઠીમોજ અને સુવાળો સહચાર બસ બેડો પાર આ છે 'અધમ' મન દુનિયાનો સાર આ છે એના જીવનનો વિસ્તાર

કચન-કામિની અને મનોકામના ત્રણની પાછળ પાગલ, પૈસો એનો પરમેશ્વર સ્ત્રી-પુત્ર સ્વજન એના ગુરુ ખાવુ-પીવું અને ભટકવુ એનો ધર્મ. કર્મ એના કારમા દયાનો લેશ નહિ. ધૃષ્ટતાનો પાર નહિ રોગ-શોક અને દુખોની યાતનામા રચિળ જેવા

ઉંધે માર્ગે આથડતો અન્યોને ઉંધે રવાડે ચઢાવતો પણ

આમાં આશ્ચર્ય નહિ. નાકકટ્ટો પોતાની જમાત વધારવામાં જ આનંદે

નાકકટ્ટાની કથા

હતો એક નાકકટ્ટો નાકનું ટેરવું કપાઈ ગએલું. સૌ 'નાકકટ્ટો' કહી સંબોધે ભાઈને ગમે? પોતે હતો કથાકાર ગણાતો ભક્ત-કુમતિ સૂઝી પામરને મારી જમાત વધારૂં કથા કરતા કરતા ધ્યાનનો કર્યો ઢોંગ પછી આંખમાં આંસુ મુખડું હસતું માથું વારંવાર નમતું મુખમાં ઢોંગી વેણ 'હરિ દર્શન-સાક્ષાત-હરિદર્શન' ચારભુજા-પીતાંબર પહેરેલા. માથે મુગટ-હાથે બાજુબંધ મોરલીની મધુરતા એક હાથમાં ગદા બીજા હાથમાં ચક્ર સાક્ષાત હરિ જય હરિ જય હરિ' શ્રોતાજન વિસ્મય પામ્યા સૌ પગે લાગ્યા

સંધ્યાકાળે આવ્યો એક ભોળો ભગત કાલાવાલા કરવા લાગ્યો હરિના સાક્ષાત દર્શન કરાવો ભાઈ, ના બને. ના બને એ તો વીરલાના કામ જેમ ના તન અધિક ઉત્કંઠા ચાર દિવસ સુધી કાલાવાલી ચાલી પાંચમે દિવસે રાત્રે અગીઆર વાગે બોલાવ્યો ભોળો ભક્ત હાજર ... નદી સ્નાન-સુરખી અને જપ ભોળો માને ખપ્યા પાપ જનમ જનમના ગયા તાપ

ત્યાં ધર્યો સંકેત હુકમ લીધો છરી હાથમાં કર્યું નાકનું ધડ તો હરિને પડી તીખ પણ હરિ દેખાય કોના? હુકમ ધર્યો નેત્રો બી ચૂપ મોઢે બી ચૂપ બહાર કહીશ નહિ મૂર્ખ નંબર એક ગાયકીઓ એક જ બોલકે સાક્ષાત્ હરિ દેખ્યા પાવન થઈ ગયો

પાછા સાત મૂર્ખાં ધીમે ધીમે મળી ગયા નકટ્ટાની જમાત

ઉભી થઈ ગઈ ભાઈ. પીછેસે ચલી આતી હૈ. સત્ય શોધે-માને-કબુલે આચરે વીરલા આધળો આધળાને અનુસરે

પાંચે ઇન્દ્રિયોની દુઃખ લીલા ગજબની છે. હરણિયુ કાનને મીઠુ લાગતું ગીત સાંભળે શિકારીની જાળમા સપડાય. માછલુ માસના ટુકડાના લોભે. માછીમારના કાંટામા ભેરવાય. પેલો ભમરો ? સુગંધની લોલુપતાએ કમળમાં બીડાય પતંગીયુ દીવાની જ્યોતે દીવાનુ બને ભરખાઈ જાય હાથી જેવો હાથી માયા હાથિણી-બનાવટી હાથિણીના સ્પર્શ લોભે જીવનભરની જેલ ભોગવે એકેક ઇન્દ્રિયની લલચામણના આ બેહાલ. પાંચેને પોષતો માનવી ?

મોહરતિ મંત્રીનું કથાનક

વિશાળ વિશ્વ વચ્ચે જમ્બૂદ્વીપ તેમા દક્ષિણ ભરત તેના મધ્ય ખણ્ડમાં કાન્તાનગરી રાજા ભુવનચંદ્ર મંત્રી મતિસાગર. સ્વચ્છમતિ સાથે શ્રી જિનધર્મનો સુંદર જ્ઞાતા

બીજો મંત્રી 'મોહરતિ'. બુદ્ધિ ઉંધી અને ધર્મનો દ્વેષી રાજ્યસભા ભરાઈ છે છત્રીશ રાજકુળો હાજર છે ધર્મ-વાર્તા ચાલે છે.

આર્યાવર્તની આ હતી વિશિષ્ટ પ્રણાલિકા શરૂઆત ધર્મ ચર્ચાથી થતી રાજસભામાં અનેક વિદ્વાનો અને તજજ્ઞો છૂટથી ધર્મચર્ચા કરતા રાજા રસ લેતો પ્રજા ધર્મમાં દઢ બનતી મોટે મોટે ભાગે નિષ્પાપ જેવા અનુષ્ઠાનોમા રક્ત રહેતા ધર્મનું રક્ષણ એ રાજાનો પ્રાણ દુષ્ટોનું દમન એ જ રાજવી ત્રાણ

'મોહરતિ' કહે છે લક્ષ્મીથી ભરપૂર ઘર, અનુકૂળ-પ્રેમાળ પ્રિયા, એ જ છે, સુખના હેતુ સ્વર્ગ અને મોક્ષ, મનુષ્યો માટે.

રાજાદિ જરા ગેલમા આવી ગયા મતિસાગરની નિર્મળ મતિમાં
આવી તુચ્છ આત્મઘાતક વાત કેમ જ ઉતરે? રાજન્ આ વાત
અશરણ નથી, સ્ત્રી અને ધનમા લોલુપ જગત દુર્ગતિના દુઃખો
ભોગવે છે સાધુ-મહાત્માઓએ બતાવેલ શુદ્ધ માર્ગ હોવા છતાં
પણ મીઠું બોલનાર બધે મળશે અપ્રિય પણ હિતકારી
કહેનાર વક્તા અને સાંભળનાર શ્રોતા ખરેખર દુર્લભ છે.

ઘરમા લક્ષ્મી, મુખમા સરસ્વતી, બાહુઓમા બળ, હાથથી
દાન, હૃદયમા સદ્ભાવના, શરીર સૌંદર્યયુક્ત, ચારે બાજુ નામના
કીર્તિ, ગુણીજનોમા પક્ષપાત, આ બધા ફળ છે ધર્મના ખરેખર
ધર્મ એ જ વિશ્વાધાર છે ધર્મ વિના ધન નહિ, સુખ નહિ,
શાંતિ નહિ સમાધિ નહિ

ધર્મદ્વેષી મોહરતિ કહેવા લાગ્યો —કામ અને અર્થ વિના-
કરવા યોગ્ય કોઈ પુરૂષાર્થ નથી મળેલા સુખનો ત્યાગ
અદૃષ્યના-સ્વર્ગાદિ સુખની કલ્પના એ જ બેહુદી છે આત્મા
જેવુ તત્ત્વજ નથી પછી કોને લાગે પુણ્ય ને પાપ? તેના ફળ
સુખદુઃખ, સુગતિદુર્ગતિ તેની વાતજ ક્યા રહી? બાપડો એ
બધી પ્રપંચજાળને

આજ [illegible] ગગનમાર્ગે ગમન કરતા [illegible] નિષ્પ્રભ
રાજસભામા પધાર્યા દેહની કાન્તિ [illegible]
શ્વેત વસ્ત્રો [illegible] ધારણ કર્યા છે [illegible] છે
છે શ્રદ્ધા-[illegible] [illegible] પાલક છે [illegible]
સ્વપર [illegible] છે [illegible] [illegible]
[illegible] પ્રભાવક છે [illegible] કરનાર છે શ્રી
[illegible] સૂચક છે [illegible] [illegible]

તેઓશ્રીને જોતા જ, આશ્ચર્યચકિત રાજાદિ ઉભા થઈ ગયા નમસ્કાર કર્યા રાજદર્શિત સુવર્ણ સિંહાસન પર બિરાજમાન થયા આશિષ આપી —ત્રણ જગતના આધારભૂત, સમુદ્ર જળધર સૂર્યચન્દ્ર જેના પ્રતાપે મર્યાદામાં રહે છે, સુર અસુર અને નરાધીશો જેની કૃપાથી સંપદા ભોગવે છે, ચિન્તામણિ-કલ્પવૃક્ષ-કામધેનુ જેની આજ્ઞામાં છે, એવો જૈનેન્દ્ર ધર્મ તમને શાશ્વતી મોક્ષલક્ષ્મી આપો

ગભીરગીરા સાભળતાજ પ્રમુદિત રાજા ચિંતવે છે-વયમા લઘુ, તપમા મહાન્, અતિશય જ્ઞાનધારી પાસેજ તત્ત્વનો નિર્ણય મેળવુ પ્રશ્ન કરે છે ધર્માત્મા ! આપ કોણ છો ? કયાંથી પધારો છો ? કયાં પધારી રહ્યા છો ? આપ કોના શિષ્ય છો ?

સિદ્ધપુત્ર કહે છે – પ્રથમ તીર્થંકર ઋષભદેવ થઈ ગયા તેમના મહાન પુત્ર ભરતચક્રવર્તીએ અણુવ્રતધારી બ્રહ્મચારીઓનુ સાધર્મિકવાત્સલ્ય શરૂ કર્યું. અવ્યવસ્થા ટાળવા કાકિણી-રત્નમય જનોઈની પ્રથા શરૂ કરી તે મહાનુભાવ આત્માઓ પૂજનીય બન્યા ભરતમહારાજાની આઠ પાટ સુધી સુવર્ણમય પ્રથા ચાલી ત્યારપછી ભગવત અજિતનાથના પિતા સુધી-રૌપ્યમયની પ્રથા રહી ત્યારબાદ સૂતરની નવમા જિનપતિના આંતરામાં સાધુ-સસ્થાનો વ્યવચ્છેદ થતા, યતિધર્મનો પ્રલય થયો કેટલાક-મિથ્યા-દૃષ્ટિ અબ્રહ્મચારી બન્યા કેટલાક સમ્યગ્દૃષ્ટિ-વિરાગી-બ્રહ્મચારી બન્યા.

તે અન્વયે-સિદ્ધાર્થ-નામા શ્રાવક છુ પરમર્ષિએ મારૂ બીજુ નામ 'સિદ્ધપુત્ર' રાખ્યુ છે શ્રી પરમાનન્દ કેવળી પાસે અણુવ્રત લીધા છે તેમનો હું બ્રહ્મચારી શિષ્ય છું મેરુગિરિ

યાત્રા કરી શ્રી શત્રુંજય તીર્થ જઈ રહ્યો હતો નાસ્તિક-મતાનુસારી 'મોહરતિ'ની સત્‌ને અસત્ ઠરાવતી, સત્ય તત્ત્વોને છુપાવતી વાતો અવલોકીને અત્રે આવ્યો છું

રાજા વિનતિ કરે છે ભાવધર્મશીલ! જીવાદિ તત્ત્વને પ્રકાશો 'મોહરતિ'ને ઉદ્દેશીને બોલ્યા 'કુગતિમાં' ખેંચી જનારી, જીવાદિ તત્ત્વનો અપલાપ કરનારી. આ તારી બુદ્ધિ કઈ જાતની? અન્તર્મુખ કેમ નથી થવાતુ?

ખૂબ જ સરળતાથી સુંદર રીતે જીવાદિ તત્ત્વની સિદ્ધિ કરે છે ચિત્ત-ચેતન-સંજ્ઞા-વિજ્ઞાન-ધારણા-બુદ્ધિ-ઈહા-મતિ વિ. લક્ષણો જીવના બતાવે છે જીવ સાક્ષાત ચર્મચક્ષુથી નથી દેખાતો. સર્વજ્ઞ અને સિદ્ધો જોઈ શકે છે

આત્મા સિદ્ધ થતા પુણ્ય-પાપાદિ સિદ્ધ છે જ માટે મિથ્યામતિ છોડી રાજા અને સભાસદો ઓર આનંદમા આવી ગયા સિદ્ધપુત્રની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા

ત્યા તો આકાશમાથી સિદ્ધપુત્ર પર પુષ્પવૃષ્ટિ થઈ દિવ્ય વાણી સંભળાઈ શ્રી પદ્માનંદ કેવળીએ પહેલા કહ્યુ છે. 'આ સિદ્ધપુત્ર જીવાદિ તત્ત્વજ્ઞાતા શુદ્ધપ્રરૂપક-સત્યવાદી આત્મા છે' આ બધું જોઈ સાંભળી રાજાદિની રોમરાજી વિકસ્વર થઈ ગઈ

સત્યના શા બામ-ના લઈએ! દેવો સત્યના પક્ષે રહે છે. સાગરો સત્યની આજ્ઞા ઉઠાવે છે અગ્નિ શાન્ત થાય છે પણ લોક કહેવત છે કે સારી વનસ્પતિ ખીલે, ત્યારે જવાસો સુકાય. ગેરદાને લાકડ ન મળે ક્રોધાગ્નિથી સળગતો મોહરતિ સભા છોડી ગયો ગામેગામ નાસ્તિક મત ફેલાવવા લાગ્યો. નાસ્તિકોથી વિરાધો મરીને વનમા વાનર થયો ત્યાથી મરી નટ બન્યો

જરૂર આ લોકો પાપી ભીરૂ હોય છે, ગતિ બગડે તેવું આચરતા નથી. સુગતિના જ અર્થી હોય છે. પણ બધું ઉચ્ચકોટિના ભૌતિક પૌદ્ગલિક સુખો માટે. જન્મ-મરણાંતક મોક્ષ સુખ માટે નહિ.

આ લોકો માને છે અને પ્રચારે છે કે :—ધર્મથી-સુકુળમાં જન્મ, શરીર સ્વાસ્થ્ય, સૌભાગ્ય, આયુષ્યનું બળ, નિર્મળ યશવિદ્યા, ધનસંપત્તિ, અટવી આદિના ભયથી રક્ષણ, સ્વર્ગ અને મોક્ષ મળે છે, આવી રીતે ધર્માર્થી છતાં, સદ્ગુરુના શુદ્ધ ઉપદેશરહિત વિમધ્યમને, સદ્ધર્મની પ્રાપ્તિ દુર્લભ બને છે.

શ્રીપતિ સાર્થવાહનું દૃષ્ટાંત 'વિમધ્યમ'ની કક્ષાને બરાબર સમજાવશે દેશ ભરત. નગરી ચન્દ્રાવતી. રાજા ચન્દ્રતિલક. સાર્થવાહ શ્રીપતિ રાજાને પ્રિય સર્વજનનો આદરપાત્ર મિથ્યાત્વથી મૂઢ-જિનધર્મથી અજ્ઞાત

એક દિવસ બ્રાહ્મમુહૂર્તે-પરોઢીએ ઊઠીને મનમાં વિચારે છે. કાલ પસાર થઈ રહ્યો છે આયુષ્યનો ભરોસો નહિ વિભૂતિ ક્ષણવિનાશી છે પ્રિયજનોમાં પ્રેમ ક્ષણજીવી છે માટે ધર્મમાં પ્રમાદ શો ? મારા કુલોચિત ધર્મને આદરૂં.

યજ્ઞકર્મ, હજારોને ભોજન, વાવ, કૂવા, તળાવ ખોદાવવાદિ કાર્યો બાર વર્ષ કર્યા, પુત્ર શ્રીતિલકને ઘરનો ભર સોંપ્યો. રાજાની રજા લઈ તીર્થયાત્રા માટે ઉત્તર દિશામાં પ્રયાણ કર્યું. દેશાન્તરોમા ભમતા એક અટવીમાં મહર્ષિને જોયા. પદ્માસને છે. ઉચ્ચકોટિના બ્રહ્મચર્યથી પવિત્ર છે દેહ મલયુક્ત છે

જોતાં જ બોલવા લાગ્યો, ખરેખર આ મહા અમંગળ છે. અશુચિ શરીરવાળાને ધર્મક્રિયા કેવી ! પણ શત્રુમિત્ર અને તૃણમણિ

તેમજ માટીનું ઢેફુ અને સુવર્ણ પર સમદૃષ્ટિવાળા મહામુનિ તેના પરની દયાથી કહેવા લાગ્યા. હે શ્રીપતિ, શુચિ-અશુચિને તું જાણતો નથી. આધ્યાત્મિક પવિત્રતાને છોડીને, જલાદિ શૌચને તું વળગે છે તાત્વિક પુરૂષો-બ્રહ્મચર્ય-સત્ય-તપ અને સંયમથી શુદ્ધિ સાધે છે. તીર્થસ્નાનાદિથી નહિ. બ્રહ્મચારીઓ બ્રહ્મચર્ય અને સંયમની રક્ષાના હેતુથી સ્નાનાદિ દેહશોભા કરતા નથી.

શ્રીપતિનુ મન કંઈક કુણુ બન્યુ. ખરેખર આ તત્ત્વજ્ઞ છે. સ્વદેહમા પણ નિઃસ્પૃહ છે આમ ભદ્રકભાવને પામેલ મુનિ પ્રત્યે કહે છે. મહર્ષિ-આપની આંતર પવિત્રતાની વાત સાચી છે. પણ હું સ્વકુલાચાર છોડી શકતો નથી. મારા અપરાધને ક્ષમા કરો.

બાર વર્ષે સ્વગૃહે આવ્યો વૃદ્ધાવસ્થામાં પુત્રવધુ અને પુત્રો તરફથી-અવજ્ઞા થવા લાગી વૃદ્ધત્વને પોતે નિંદે છે મરીને તેજ નગરમાં કોઈ ભરવાડને ત્યં બકરો થયો પિતાના શ્રાદ્ધ દિવસે પુત્રોએ તેજ બકરો ખરીદ્યો સ્વગૃહાદિ જોતા બકરાને પૂર્વભવનુ જ્ઞાન થયુ. રાડો પાડતો તે મરાયો ભયંકર કોપથી મરી સાપ થયો પૂર્વવેરથી પુત્ર અને પુત્રવધુને ડસ્યો બન્ને જંગલમા મૃગમૃગી થયા સર્પ મરી સિંહ થયો તે યુગ્મનો નાશ કર્યો પેલા બે હાથીના જોડલા તરીકે જન્મ્યા તેજ સિંહે તેમને મારી નાંખ્યા બન્ને શબરયુગ્મ તરીકે જન્મ્યાં સિંહ સાથે યુદ્ધ શરૂ થયું

ત્યાં તો તેજ મુનિવર વિહરતા આવી ચડ્યા તેમને જોતા જ સિંહ કાંઈક પ્રસન્ન મનવાળો બન્યો. ત્યાં તો મુનિવર બોલ્યા —ભો શ્રીપતિ! યાદ કર તું બકરો-સાપ-સિંહ કેવી રીતે બન્યો હજુ પણ શ્રીજૈનધર્મને સ્વીકાર પૂર્વભવ જોતા

સંતાપ કરવા લાગ્યો આત્મનિન્દામાં લાગી ગયો હુવે આ પશુભવમાં શું કરી શકું !

ત્યાં તો પેલો ભીલ્લ સ્વસ્ત્રી સાથે ત્યાં આવી પહોંચ્યો તે વિચારવા લાગ્યો અરે આ ભયંકર ક્રૂર સિંહ આટલો શાન્ત કેમ? જરૂર આ પ્રશાન્ત મહર્ષિનો જ પ્રભાવ છે એટલામાં તો સિંહતું ભીલ્લ પ્રત્યેનું પૂર્વભવનું વેર જાગૃત થયુ. હુમલો કરવાને દોડે છે. ત્યાં તો મુનિવરની મીઠી વાણી સંભળાઈ.

ત્રણ–ત્રણ ભવથી પુત્રને અને પુત્રવધુને મારી નાખવા છતાં હજુ શાંતિ નથી વળી? પૂર્વભવના ઘાત યાદ કરાવ્યા. પાછો શાંત બની વિચારવા લાગ્યો. આવું અધમ કામ વેરવૃત્તિથી મારા આત્માએ કર્યું ?

તે બન્નેએ પૂર્વભવ જોયા અરે આ અમારો પિતા છે? બધાએ વૈરાનુબંધ છોડી દીધો. મહર્ષિની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા. બન્નેએ સિંહના પગમાં પડી માફી માંગી સિંહ પણ પ્રસન્નમના બન્યો પણ ત્રણે આત્માઓ ખૂબ ખેદયુક્ત બની ગયા

મહર્ષિએ, ખેદ છોડી, જિનોક્ત ધર્મ આરાધવા પ્રેરણા કરી. વિશેષમાં કહ્યુ, આ અનિત્ય સંસારમા બધા આત્માઓ પરસ્પર સ્વજન બન્યા છે પરસ્પર પરજન પણ બન્યા છે એવી જાતિ–યોની કુલ કે સ્થાન નથી, જ્યાં અનંતો વખત આત્મા જન્મ્યો ન હોય ત્રણે સંવેગ પામ્યા

પણ તે જ સમયે ત્યાં કેટલાક તાપસો આવી ચડ્યા. ખરેખર ભાવીભાવ મિથ્યા થઈ શકતા નથી. ત્રણે તેમને જોઈને આનંદ પામે છે

પૂર્વભવ પરિચિત સંસ્કારો ઉગી ઉઠ્યાં શબર બોલ્યો, આપ અમારા પૂર્વભવના ગુરુઓ મહદ્ભાગ્યે મળ્યા છો. ખરેખર અમે કૃતકૃત્ય બની ગયા.

મહર્ષિએ જોયું કે મિથ્યાત્વના સંસ્કારો વ્યાપક બન્યા છે કામરાગ-સ્નેહરાગ સુખેથી છૂટે છે, પણ દૃષ્ટિરાગ-મિથ્યામાર્ગ પરનો પ્રેમ-ખરેખર પંડીતોને પણ દુસ્ત્યાજ્ય બને છે. મહર્ષિ અન્યત્ર વિહાર કરી ગયા

સિંહ અનશન કરી પ્રથમ દેવલોકમાં-આભિયોગિક-નોકર દેવ થયો ભીલ-ભીલડી તાપસવ્રત પાલીને ત્યાજ નોકરદેવ તરીકે ઉત્પન્ન થયા. ત્યાં મહાન્ ઋદ્ધિવાળા દેવોને જોઈ, પસ્તાવો કરવા લાગ્યા. પ્રાપ્ત જૈન ધર્મને પૂર્વભવમા આરાધ્યો નહિ આવી રીતે સ્વનિન્દાપર, ભવાંતરમાં જિનધર્મ પામી ચાળી મુક્તિ પામશે

આ રીતે વિમધ્યમ આત્માઓ, ધર્મનો સાર સાભળવા છતા. ધર્મના સારને પામી શકતા નથી મિથ્યામતિથી ઘેરાએલા. મિથ્યા ઉપદેશથીજ આકર્ષાય છે અને દૃઢ બનેલા તેવા સસ્કારોને લઈ, પોતાનુ ભવભ્રમણ વધારી મૂકે છે દુખના ડુંગર સ્વય ખડા કરે છે

જિનવાણી કાને પડવી એજ મહાપુણ્ય માર્ગ છે એ શ્રવણ મળ્યા પછી. જ્ઞાનતંતુઓમાં ઝણઝણાટી થવી. તે હૈયામાં ઉતરવી, એ તો અહોભાગ્યની અનોખી નિશાની છે તેમાં પૂર્ણ શ્રદ્ધા પારખ કરી, તેના પાલનમા તત્પર બનનાર વિરલ વ્યક્તિઓ તો ખરેખર અનુમોદનીય અને ધન્યવાદને પાત્ર છે

મધ્યમ (૪)

આ ચોથો વિભાગ છે તો ચકોર. માર્ગનો જાણુ શ્રદ્ધા સાચી, સત્યના પ્રેમી, પણ ગૃહવાસી. વિષયોની મધુરતાને છોડી શકતા નથી. પ્રવ્રજ્યા પામી શકતા નથી. સાધુપણુ ગમતા છતાં સ્વીકારી શકતા નથી

૧. મોક્ષનેજ પરમાર્થ માને છે–પણુ ચારે પુરુષાર્થમાં ઉદ્યમવંત હોય છે

૨. રાગદ્વેષની ભયકરતા સમજે છે–પણુ સ્રીપુત્રાદિના સ્નેહમાં બદ્ધ હોય છે

૩ સંસારની અસારતા જાણે છે-પણુ ચપલ ઇન્દ્રિયો પર કાબુ નથી આવતો.

૪ વિષયોના કટુવિપાક જાણે છે-પણુ અનાદિની વાસના આકર્ષે છે.

૫ સમ્યગ્ જ્ઞાન–દર્શન–ચારિત્રની રૂચિ–પણુ મોક્ષ તેમને માટે વિલંબમાં છે મોક્ષમાર્ગને જાણે છે સમજે છે.

આ રીતે કર્મપરિણુતિની અચિન્ત્ય શક્તિને તાબે બનેલા મહાપુરુષ આચરિત સાધુદીક્ષા પામી શકતા નથી હીન સત્ત્વ તે આત્માઓ ગૃહવાસને સેવે છે

તેમાં જીવઅજીવાદિ તત્ત્વના જાણ. જિનવચનરહસ્યને પામેલા સમ્યગ્દષ્ટિ શ્રાવકો પણ હોય છે તેમજ સરળ પ્રકૃતિના, કરુણામભર હૈયાવાળા આત્માઓ પણ હોય છે. તેઓમાં ક્ષમા–મૃદુતા–સરળતા હોય છે લોભ તરફ ખેંચાવા છતા તેનાથી વ્યાકુલ નથી હોતા દાન–શીલ–તપમાં રુચિવાળા હોય છે. એમના હૈયામાં શુભભાવ રમતો હોય છે લોકોમાં માન્ય બને

અને વળી જિનધર્મ જાણ્યા પછી એ બીચરા શંકડાઓને હું હણુ ? પુષ્પો તો આપની શેષ-પ્રસાદ તરીકે લીધા છે

દેવ દયાધર્મની માનસિક દ્દઢતા જોઈ પ્રસન્ન થયો પુત્ર જિનચન્દ્ર કળાકુશળ જિનધર્મનો જ્ઞાતા યૌવનવયમાં મિત્રો સાથે ફરવા નિકળ્યો છે ત્યાં એક ગાથા સાંભળી સોળ વર્ષ થયા બાદ પિતાની લક્ષ્મીનો ઉપભોગ કરનાર, લેણું વસુલ કરવા આવ્યો છે

તેજીને ટકોરો. સ્વબલે લક્ષ્મી ઉપાર્જન કરવા પરદેશ ચાલ્યો પહેરેલા વસ્ત્ર સિવાય પાસે કંઈ નથી હા પૂર્વોપાર્જિત પુણ્ય અને પાપ સાથે છે.

ગામ નગરોમાં ભમતો સમુદ્રતટે પહોંચે છે ત્યાં એક મુસાફર સમુદ્રને ઓલંભો આપી રહ્યો છે તારી પાસે રત્નો અને અમૃત હોવા છતાં કોઈનો ઉદ્ધાર કરતો નથી તો શા માટે મોટી મોટી લહરીઓ વડે ઉછાળા મારે છે!

તે પથિકને જિનચન્દ્ર કહે છે—પરને દૂષણ આપવું-એ વાણીનુ ભૂષણ નથી જે બીજાને અનુકૂળ બને છે, મીઠાશથી અને ધીમાશથી બોલે છે, સામાના ગુણને પ્રશંસે છે, તે દેવોને પણ વલ્લભ બને છે. માટે ઉદધિના દૂષણ ન બોલ. તેનામા પણ ગુણો છે રત્નનો ભંડાર છે ગંભીરતા ગુણ માટે સાગરની ઉપમા અપાય છે

આ ગુણગ્રાહકતા સમુદ્રના અધિષ્ઠાતા દેવે સાંભળી દેવ પ્રસન્ન થયો પ્રગટ થયો. ક્રોડ મૂલ્યના પાંચ રત્નો આપ્યા પુણ્યનો પ્રકર્ષ તે આનું નામ. પૂર્વભવના ઉંચી કોટિના સુકાર્યોનું ફળ આમ આકસ્મિક પણ મળે

જોના ચારે દુર્દિન બની ગઈ યક્ષના વચનથી પાણિગ્રહણ થયુ. પ્રભાતે રાજાદિ વિસ્મય પામ્યા પોતપોતાની પુત્રીથી વિગત મળતા આનંદની અવધિ નથી. હાથી, ઘોડાદિ વડે કુમારનો સત્કાર થયો.

કુમારે ચાર રત્ન, ચાર પ્રિયાને આપ્યા તે ચારેએ કિમતી હારના પદકમાં પ્રાધાન્ય આપ્યું પાચમુ કુમારના હારમાં ખીલી ઊઠ્યું થોડા દિવસ પછી સ્વસ્થાને સ્વજનોને મળવા કુમારને ઉત્કણ્ઠા જન્મી રાજાદિની અનુજ્ઞા મેળવી, પ્રિયાઓ સહિત સમુદ્રમાં મુસાફરી શરૂ થઈ.

પુણ્યવાનને પણ પૂર્વપાપ ઉદયમાં આવે ને? સમૃદ્ધિ પળમાં પલાયન થઈ જાય ને? સ્વજન પ્રિયવર્ગનો વિરહ થાય ને? જાણે ચાવીના રમકડા કર્મસત્તાના નાચ જુજુઆ છે એને હારે વિરલા તે વિરલા પ્રધાનપણે પચમહાવ્રતધારી, પરમાત્મ માર્ગસ્થિત સાધુઓ

સાગરની સફર પાર પડી તેની ખરી તોફાન ઉઠે આધી આવે ખડકો નડે જિનચંદ્રનું વહાણ તૂટે છે પોતે સમુદ્રમા પડે છે તેની બન્ને ભુજાઓ ચાર પ્રિયાઓએ પકડી રાખી છે પુણ્ય સહારો આપે છે જળદુસ્તી એક આવે છે સાથે તેની પણ ચાર હાથિણીઓ છે પાચ-પાચેને રત્નદ્વીપે મૂકે છે આનુ નામ તે પુણ્ય મરણની અણીએ શરણ

કુમાર આ કુદરની ઉપકારથી આશ્ચર્યમાં ડુબેલ છે વનમાં ભમે છે ધ્યાનસ્થ મહર્ષિને જુએ છે ત્યાગ અને સમતાની પ્રશસા કરે છે પ્રણામ કરીને પૂછે છે ભગવન્ વનહાથીનો ઉપકાર શાથી?

નિવારવા યક્ષને યાદ કરે છે યક્ષ હાજર થાય છે પુણ્યવાનોના પુણ્ય આવા હોય છે દેવો પણ વશ થાય છે. અને વશ રહે છે

યક્ષ સાંત્વન આપે છે શીલવતી ચારે સુખરૂપ છે નગર બહાર મૂકે છે. ચિંતામણિ રત્ન આપે છે અંજનગુટિકા પ્રયોગથી રાજાની પાસે પહોચે છે ચારે વચ્ચે થતો વાર્તાલાપ સાભળે છે. કુળવતીઓનો વાર્તાલાપ પણ બોધક સુખદ હોય ને?

રાજપુત્રી રૂપરેખા કહે છે.—હે સખીઓ! નિર્મળકુળમાં જન્મ, યુવાન વય, વિદેશમાં આગમન, પ્રિયનો વિરહ, આ બધાનું શું પરિણામ આવશે? સમજાતું નથી

મંત્રી પુત્રી રૂપનિધિ કહે છે·—હે સખી ફીકર કર નહિ સજ્જનો પરોપકાર માટે સર્જાએલ હોય છે. ભુવનના કોઈ પણ ભાગમાં હો. તેઓ મર્યાદાવાળા હોય છે

શ્રેષ્ઠી પુત્રી રૂપકલા કહે છે:—તે પુરુષો ધન્ય છે તેઓનું જીવતું સફળ છે જેઓ મુક્તિરમણીમાં રત, પરસ્ત્રી વિષે વિરક્ત ચિત્તવાળા છે.

સાર્થવાહ પુત્રી રૂપવતી કહે છે·—ઘણુ વિચાર્યું ઘણી રીતે વિચાર્યું. સંકટમાં સપડાએલ કુલવતીઓને, પતિના વિયોગમા મરણ વિના શરણ નથી

આર્યાવર્તની આ છે સસ્કાર આભા. સુસંસ્કાર વડે જ કુળો-ઉચ્ચકુળો ગણાય ને? શીલસંપન્નતા અને શીલરક્ષણ એ છે આર્યસસ્કૃતિની ગરિમા. રૂપ-ધન-યૌવનાદિ પણ શીલ વડે જ શોભે છે. રૂપનો મદ નહિ. ધનનો ગર્વ નહિ. યૌવનની અવળચંડાઈ નહિ.

ઉદ્યાનમાં જાય છે, પ્રભાતે ચારે રાજસભામાં. તેમનું સ્વરૂપ પૂછાય છે, કુલવતીઓ મૌન રહે છે સ્વકુલ પરિચય આપવામાં લઘુતા મનાતી વણિકને પૂછવામાં આવે છે કપટી ચોર શું કહે! દેશાન્તરથી મૂલ્ય ખર્ચી, આપને ભેટણું આ વા, ખરીદી લાવ્યો છું મંત્રી કહે છે, તદ્દન અસંભવિત

આ અવસરે, ગુટિકાપ્રયોગથી રૂપ બદલી કુમાર આવેલ છે જેણે પાંચહજાર રત્નો લઈ લીધા છે કન્યાઓના પતિને સાગરને સોપ્યો છે. તે સઘળું કહેશે! રાજાદિ આશ્ચર્ય પામ્યા સ્વર કન્યાઓએ ઓળખ્યો પણ રૂપ જુદું હોવાથી મૌન રહી

રહસ્યને કોઈ ઉકેલી શકતું નથી કોઈ બોલતું નથી વણિક નીચું મુખ રાખી બેઠો છે ત્યાં તો મંત્રી કહે છે. રાજન્, આ મહાભાગ્ય જ રહસ્ય ઉકેલશે. રાજાએ કુમારને આગ્રહ કર્યો કુમારની પરોપકારી ઉદારતા પ્રથમ વણિકને અભયદાન અપાવે છે પછી સર્વવૃત્તાંત છતું થાય છે રત્નો કુમારને મળ્યા. વણિક દેશપાર થયો ચારે બીજું રૂપ જોઈ ખેદિત થાય છે. કુમાર મૂળરૂપ ધારણ કરે છે ચારે રાજી રાજી થઈ જાય છે

ગુણાનુરાગી રાજા સુંદર સત્કાર કરે છે પોતાની પાસે રાખે છે માતાપિતા યાદ આવતા, રાજાની રજા લે છે અઢળક ઋદ્ધિ સહીત સ્વનગરે પહોચે છે માતાપિતાનો પ્રમોદ માતો નથી ત્યાતો તેજ ચતુર્જ્ઞાની મુનિભગવંત ભુવનભાનુ મહારાજશ્રી પધારે છે નગરજનો, જિનચન્દ્રકુમાર, ચારે પ્રિયાઓ, માતા-પિતા વન્દને જાય છે મુનિવરશ્રી સુધાવાહી દેશના દે છે

મૂઢતા પ્રાણીઓની કેવી છે? જાણે છે કે આયુષ્ય ગમે ત્યારે ખલાસ થાય છતાં આઠે કર્મોનો બંધ કરે છે. જાણે

યુક્ત શુભ ધ્યાનથી બારમા દેવલોકમા ઇંદ્રનો સામાનિક દેવ બને છે ક્રમે કરી મહાવિદેહમાં મુક્તિ પામશે.

પુણ્ય પાપના ચમત્કાર અને સજ્જનોનો સત્કાર, આ દૃષ્ટાંત ખડા કરે છે. ધર્મજ મહા રક્ષક છે ધર્મજ મુક્તિદાતા છે ઈહિલોક પરલોકમા સુખ-સમાધિ-શાતિ આપનાર પણ ધર્મ જ છે ધર્મ તેજ જે સર્વજ્ઞ વીતરાગ કથિત હોય અહિંસા-સંયમ-તપના સાચા સ્વરૂપે હોય. અહિંસા આત્માનું તેજ છે સંયમ આત્માના તેજને પ્રગટ કરે છે તપ તે તેજનું રક્ષક કવચ છે

મધ્યમ પ્રકૃતિના માનવી પણ માર્ગસ્થ હોઈ તરી જાય છે તરવામાં વેગ ઓછો પણ શ્રદ્ધાની દૃઢતા મજેની. સંસારમં રહ્યા છતાં હૈયે ધર્મ. જિન આજ્ઞા એજ પ્રાણ. એજ ત્રાણ એજ ભાન અને સાન હાન કરે એ કર્મની. રક્ષા કરે એ ભાવપ્રાણની જ્ઞાન જન્માવે સાચું. ક્રિયા કલ્યાણકારિણી દેશચારિત્ર પણ કર્મોને ખાખ કરનારૂ સર્વ ચારિત્રની લાલસા જીવતી જાગતી.

આજના ભયંકર વિષમ કાળમા આવા મધ્યમ પ્રકૃતિના માનવ પણ દોહિલા. એવા આત્માઓના લેવા રહ્યા ભામણા કામન સર્વ પૂરે અનુમોદના કરણ-કરાવણ અનુમોદના સરખા ફળ નિપજેજી પેલા મહામુનીશ્વર બળભદ્રજી, રથકાર સુથાર અને સચેતસંજ્ઞા હરણિયું એક મહાસુપાત્ર, બીજો દાતા, ત્રીજુ હરણિયુ અનુમોદક પ્રમોદભાવે સર્વ પામ્યા ગતિ સ્વર્ગની

૧૦

ઉત્તમ (૫)

ઉત્તમની ઉત્તમતાની સુવાસથી વાસિત બને વિશ્વ. શાંતિ-સમાધિ-મુક્તિ એના મીઠા ફળ અનાદિની કળ ચઢેલી

સેવ્યાનુ સ્વાભાવિક પરિણામ પરિણુતિ સુંદર પરિણામ સુંદર પ્રવ્રજ્યા પરિણામ સુંદર.

વિશાળ જમ્બુદ્વીપ ભવ્ય ભરતક્ષેત્ર નગરી અયોધ્યા કુલ ઇક્ષ્વાકુ (ભગવંત આદિનાથનું. ઇંદ્રે સ્થાપ્યું) સુરપતિ રાજા સુરસુંદરી રાણી. પુત્ર તેમનો પુણ્યવાન્ મહેન્દ્ર. મંત્રી ગુણસાગર મંત્રીપુત્ર ગુણસુન્દર

મહેન્દ્રની ઇચ્છા પૃથ્વી પર્યટનની. મિત્ર ગુણસુન્દરનો ટેકો. પર્યટનમા વિચક્ષણુતા ખીલે. વિવિધતા જોવા મળે સંસારીઓની મોજ. આત્માર્થીની ખોજ અનોખી બન્ને થયા તૈયાર. માબાપ જાણે નહિ જાણે તો વિયોગ વિરહે જવા દે નહિ.

પુર-પર્વત-વનરાજી નિહાળે છે. કુદરતને ખોળે આનંદે છે. પહોંચ્યા અવન્તીના ઉદ્યાનમાં. સૂર્યનો થયો અસ્ત. સૂર્યની પણ રોજ ત્રણ દશા ઊગવું-ભમવું-આથમવું, બીચારા કર્મવશ બીજા જીવોની શી ગતિ ? આટઆટલા તારાઓની ઋદ્ધિ, છતાં રક્ષણ નહિ ચંદ્રનું. ક્ષયવૃદ્ધિ લાગુ. બિચારા નિત્યપતિતની તો અવગતિ જ હોય ને !

આમ વાર્તાવિનોદ કરે છે. સંધ્યાએ સમીપના દેવ ભુવનમા જાય છે ત્યા રૂપવતી યોગિની આવે છે. તેને જોતાં જ કુમાર દૃષ્ટિ નીચી કરી દે છે. યોગિની તેને પ્રશસે છે ખરેખર આવા પુરુષોથી પૃથ્વી પ્રશંસા પામે છે પારકાના દુઃખે દુખી. અયશથી દૂર રહેનારા. પછી યોગિની દેવતાને નમે છે. કામદેવ રામકુમારને આશીર્વાદ આપે છે. પુરુષદ્વેષિણી રત્નમાલા તારા કંઠને વિષે વરમાળા આરોપો

આ જીવિત પણ. દેવેંદ્રો-અસુરેંદ્રો-નરેંદ્રો પણ અંતે મરણને શરણુ થાય છે માટે મોંઘેરા માનવ જન્મ પામી, કોઈ ચીજમાં મોહ મમત્વ ન રાખો

દેશનાની અસર સુરપતિ રાજવી પર ઘેરી થઈ. મહેન્દ્રને ગાદીનશીન કરે છે અનેક રાજવીગણ સહ દીક્ષા અંગીકાર કરે છે મહેન્દ્રરાજા ગુણસુન્દરમિત્ર મંત્રી રાજ્યસુખી પ્રજા આનંદમાં. પૃથ્વી જિનમંદિર મંડિત બની ગઈ શ્રી જિનેશ્વરદેવ અને શ્રી સંઘની ભક્તિમાં ખામી નહિ બન્ને શીઘ્રમુક્તિમાં લઈ જનાર. અનુકમ્પાદાનનો ધોધપ્રવાહ. જેનામા જન્મે ભાવદયા તેનું હૈયું સદા દયાળુ શક્તિ પ્રમાણે સૌને સુખી કરે. આ તો રાજવી. જિનધર્મમાં સુદૃઢ દીનદુ:ખીયા કોણ રહે? ઔચિત્યનો પાર નહિ. પૈસા કે રૂપીઆની કિંમત નહિ સોનામહોરો ઉછળે તેમજ હૈયાના ભાવ ઉછળે મનમુક્તિમાં-દેહ સંસારમાં પણ મુક્તિના માર્ગે ઉત્તમ આત્માની વાતો બધી ઉત્તમ

ભાવોત્કર્ષ પણ ભાગ્યવાનોને સામે આવી મળેને? તેજ ભગવંત ભુવનભાનુ કેવળી પધારે છે ઉદ્યાનપાલક વધામણી આપે છે રાજા જીવનભર ચાલે તેવું અને તેટલું દાન આપે છે ન્યાલ કરી દે છે મંત્રી સાથે પૂજ્યશ્રી પાસે દેશના અમૃતધારા. નવપલ્લવિત કરે આત્માને. ટાળે કર્મોને સમજાવે મર્મોને પ્રમોદ કરાવે ભવ્ય ભ્રમરોને

વિષયો વિષ જેવા, કિંપાક ફળ જેવા ઘડીમાં છોડીને જાય તેવા. તો સ્વયં કેમ ન છોડવા? છોડીને જાય દુ:ખના ડુંગર ખડા થાય સ્વયં છોડીએ સમતારસમાં રમીએ પ્રશમના પાન કરીએ ભવમાં ન ભમીએ. આત્મરમણે રમીએ મુક્તિપુરીમાં જઈ વસીએ.

સંવેગરસની લ્હાણુ આત્માભિમુખતાની જાગૃતિ. મુક્તિમાં રતિ વિષયોમા વિરતિ. મહેન્દ્રરાજવીના મનમાં મહાલે સર્વ-વિરતિ ગુરુ ભગવતને વિનતિ હૈયા ભાવભરી કરી નતિ ગુરુ કરે દઢ. પામો સર્વવિરતિ ઝટ. છોડો સઘળી ખટપટ કાલનો વાયદો ખોટો. જે કરવું શુભ તે આજે. પ્રમાદમાં પડશો નહિ

રાજવી મહેન્દ્ર જતા જતા પણ પૃથ્વીને અનૃણ કરે છે. શાસન શોભાકારી અનેક શુભ કાર્યો શરૂ થઈ ગયા અષ્ટાહ્નિકા મહોત્સવ તો હોય જ શ્રી જિનમંદિરો ઓર દીપી ઉઠયા દુંદુભી-ભેરીના નાદ ચારે દિશામા ફેલાયા રત્નમાલાના પુત્ર રત્નશેખરનો રાજ્યાભિષેક થયો વારસામાં રાજવી પણ પ્રજા વત્સલ મૂકાયને ? આર્યસંસ્કૃતિની મર્યાદાઓ અજબ હોય છે રીતિનીતિનું પાલન ગજબ હોય છે

